# દાદાચાનજી કુટુંબની વંશાવળી

અને

# તવારીખ.

લખનાર:—સોરાબ પાલનજી દાદાચાનજી.



આ "દાદાચાનજી કુટુંબની વંશાવળી અને હકીકત" મીં૦ સોરાબ પાલનજી દાદાચાનજીએ
મુંબઈ ગોવાલ્યા તળાવ ખલકદીના ટેરેસથી લખી છે અને મીં૦ દીનશા એ. કરકરયાએ
ગ્રાંટરોડ ટ્રામ ટરમીનસ પર પોતાના માણેક પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી છે
અને ત્યાંથી પ્રગટ કરી છે.

---

આ દાદાચાનજી કુટુંબની વંશાવળી ૧૮૬૭ના ઍક્ટ મુજબ રજીસ્ટર કરાવી છે માટે તેના લેખકની પરવાનગી વગર કોઈને નકલ કરી પ્રગટ કરવાનો હક નથી.

---

# પ્રસ્તાવના.

આ વંશાવલી અને તવારીખ જે હાલમાં પરવરદેગારની મહેરથી પ્રગટ થઇ શકી છે, તે કેટલા તબક્કામાંથી પસાર થઈ છે તેનો ટુંક ઇતેખાબ આપવાનું સલાહકારક જણાય છે. પ્રથમ નામધરણુંની ટીપો જે આપણા દીન આર્દનની બરકતથી, આપણો અથોરનાન ટોળો જાલવી રાખે છે તેની મદદથી **એરવદ દારાબ એરવદ ચાનજી જે દાદાચાનજી** કુટુંબના મુળ પુરૂષ હતા, તેમના સુધી વડવાઓની ટીપ એકઠી કરી શકાઇ. વળી તેજ પ્રમાણે તેમના વડવાઓ પણ ખોલી કહાડયા. વંશાવલીના પાના પહેલા ઉપર એરવદ શાપુરના પીતા એરવદ શહેરીઆરનું મુબારક નામ ટોંચ ઉપર બીરાજે છે, અને તેમના સુધીજ હિંદના સર્વે અથોરનાનો પોતાની અસલ નસલ તાણી શકે છે. તેમનાથી નવસારીના પાંચ પોળોનાં સઘળા મોબેદો તથા ઉદવાડીઆ, વલસાડ અને સંજાણા મોબેદો તથા સુરત અને ભરૂચના મોબેદો—ટુંકમાં આખા હીંદુસ્તાનના સઘળા મોબેદો—પોતપોતાનો વંશ કેવી રીતે ખેંચી શકે છે તે એજ પહેલાં પાના ઉપરથી જોઇ શકાશે.

**દાદાચાનજી** કુટુંબની વંશાવળી બનાવવાનું બીડું આશરે ૨૭ વર્ષની વાત ઉપર આપણા કુટુંબના અવસ્તાના જાણીતા વિદ્વાન મરહુમ એરવદ જામાસ્પજી એદલજી દાદાચાનજીએ ઝડપ્યું હતું. એમણે ઘણી ખંત અને મહેનતથી દાદાચાનજી કુટુંબની વીગતો ભેગી કીધી હતી અને કુટુંબીઓના નામો વખતને અનુક્રમે ગોઠવ્યાં હતાં. આપણાં કુટુંબની એક શાખા, જે લાંબા વખત થયા તારાપોર ગામ ખાતે જઇ વસી હતી, અને જેણે આપણી સાથેનો સઘળો સંબંધ છોડી દીધો હતો, એટલુંજ નહીં, પણ દાદાચાનજીની અટક વટીક છોડી દીધી હતી, તેની ખોળ કરી, તેને લગતી સઘળી વીગતો ભેગી કરી તે શાખાનો આપણા કુટુંબમાં તેમણે બરાબર સમાવેશ કર્યો હતો. આજે એ શાખાનો આપણા કુટુંબ સાથેનો સંબંધ પાછો ચાલુ થયો છે અને તેના કેટલાક બીરાદરોએ દાદાચાનજીની અટક પાછી એખ્તિયાર કીધી છે. એ સઘળું એરવદ જામાસ્પજીની શોધખોળને લીધે થયું છે. પણ કમનસીબે એ વંશાવળી સંપુર્ણ કરવાનું અને પ્રગટ કરવાનું એરવદ જામાસ્પજીના નસીબમાં હતું નહિ, અને એઓના અકળ મરણને લીધે એવણે મેળવેલી વીગતના કાગળીયાંઓ વર્ષો સુધી દુનીઆંની રોશની જોવા પામ્યાં નહિ.

એમના ભાઇ ડાકટર કાવસજી એદલજી દાદાચાનજી, જેઓ એ વંશાવળી બનાવવાના કામમાં તેમના ભાઇ સાથે શામેલ હતા તેઓ પોતાની બહોળી રોકાણોને લીધે, એ વંશાવળીનું કામ પુરૂં કરી શકયા નહિ, અને વર્ષો પછી એ કાગળીઆંઓ શેઠ કેરસાસ્પજી રૂસતમજી દાદાચાનજીની મારફતે તેઓના દીકરા શેઠ ફ્રેદુન કેરસાસ્પ દાદાચાનજીના હાથમાં આવ્યાં.

શેઠ ફ્રેદુને ઘણી મેહનત લઇને એરવદ જામાસ્પજીએ ભેગી કરેલી વીગતો ઉપરથી વંશાવળીનું દીરખ્ત તૈયાર કીધું, જે પછી એ કામ પુરૂં કરવાનું મને સોંપવામાં આવ્યું. એરવદ જામાસ્પજીએ જે વીગતો મેળવી હતી, તે યઝદેઝરદી સને ૧૨૬૩ સુધીનીજ હતી. ત્યાર પછીની જન્મ, લગન અને મરણ વીગેરેની જેટલી વીગતો મેળવી શકાઈ તેટલી મેળવીને, તેમજ આગલી નોંધોના સંબંધમાં વધુ વીગતો મેળવીને, બનતાં સુધી આ વંશાવળી સંપુર્ણ કરવાની મેં તજવીજ કીધી છે. વંશાવળીમાં દરેક પુરૂષ સાથ તેની ધણીઆણીનું તથા સ્ત્રી સાથે તેના ધણીનું આખું નામ, જન્મ દીવસ, મરણનો દહાડો, મરણ વખતની ઉમ્મર અને જે લોકો પાલક થયા હોય તેમને લગતી વીગતો દાખલ કરવામાં આવી છે, એ વીગતો દાખલ કરવાનો ખાસ હેતુ એટલોજ છે કે આ વંશાવળી આપણા કુટુંબમાં માત્ર નામ ધરણુ તરીકેજ નહીં, પણ કુટુંબના દરેક આસામીની ચોકકસ વીગતો દરશાવવાના એક ઇતિહાસ તરીકે કામ લાગે. એજ કારણને લીધે આપણા ખાનદાનના આગેવાન અને પ્રખ્યાત માણસોની જીંદગીની ટુંક હકીકત, આ પુસ્તકમાં દાખલ કરવાનું મને જરૂરનું લાગ્યું છે. ઉપલી વીગતો મેળવવાનું કામ બહુ મુશ્કેલી ભર્યું હતું. હાલમાં કમનસીબે દાદાચાનજી ખાનદાનમાં આગલી તવારીખથી વાકેફ હોય એવા મોટી ઉમ્મરના આસામીઓ ઘણા થોડા રહયા છે, અને એ ખાનદાનમાં એવી નોંધો રાખવાનો જોઈતા પ્રમાણમાં રીવાજ નહીં હોવાથી, તદન સંભવીત છે કે, કેટલીક તરફથી મલેલી વીગતોમાં—બને તેટલી તેમને ભરોસેદાર બનાવવાની પુરતી સંભાલ રાખવા છતાં—ભુલો દાખલ થવા પામી હોય. કુટુંબનાં કોઇ પણ ગૃહસ્થને કોઇ વીગતો હેરફેર માલમ પડે અથવા કોઇક વીગતો રહી ગયલી જણાય તો તેઓ મને જણાવવાની મેહેરબાની કરશે, તો મારી ઉપર ઉપકાર થશે. કુટુંબીઓને બીજી અરજ એ કરવાની છે કે તેઓને ત્યાં સરઅવસરના જે બનાવો હવે પછી બને તેમની મને ખબર આપતા રહેવું, કે જેથી ભવીષ્યને માટે સંપુર્ણ વીગતો જળવાયલી રહે. આગલા વખતમાં મીનોચેહેર હોમજી ર...

ટોળામા એવો રીવાજ હતો, કે દરેક આસામીઓ પોતાને ત્યાંના સર અવસરના દરેક પ્રસંગે–જેવાં નવજોત, નાવર અને લગ્ન વખતે, તેમજ દરેક ઉઠમણાની ક્રીયા વખતે–પોતાની દરેહમેહેરનાં ફંડમાં ગુંજાયશ મુજબ નાની મોટી રકમ ભરતા હતા. આવી રીતે જે રકમો ભરાયલી, તેની નોંધો એ દરેહમેહેર હીસાબની ચોપડીઓમાં જળવાઇ રહેલી હોવાથી આ વંશાવળી બનાવવામાં સારે ભાગ્યે તે નોંધો ઘણી ઉપયોગી થઇ પડી છે, અને ઘણાં કુટુંબીઓની ઉમ્મર, નાવર થવાના દીવસો તથા મરણના દીવસો, તેમાંથી મળી આવ્યા છે. એ ખરેજ દિલગીરીની વાત છે કે આવી રીતે ફંડમાં ભરવાનો રાવાજ દહાડે દહાડે ઓછો થતો જાય છે. જેથી હવે પછી આવી નોંધો મલી શકશે નહિ. માટે કુટુંબીઓને મારી નમ્ર અરજ એ છે, કે પોતાને ત્યાંના જન્મ, નવજોત નાવર, લગ્ન, મરણ વીગેરેના દરેક પ્રસંગે પોતાની ગુંજાયશ મુજબ, રૂપીઅ એક જેટલી પણ નાની રકમ ફંડમા ભરવી, જેથી તેઓને લગતી સઘળી નોંધો હમેશને માટે જળવાઈ ર

શુરૂઆતમાં આ વંશાવળીમાં માત્ર વંશાવળીનું દીરખ્ત (genealogical tree) અને દાદાચાન કુટુંબની ટુંક તવારીખ આપવાનોજ વીચાર રાખવામાં આવ્યો હતો. પછળથી કુટુંબના જાણીતા માણસોના ટુંક જીવન ચરીત્રો તેમાં દાખલ કરવાનું દરૂસ્ત ધારવામાં આવ્યું, અને છેવટે કેટલાક કુટુંબીઓના ખાસ આગ્રહને લીધે, કુટુંબમાં અને જાહેર જીંદગીમાં વધુ જાણીતા થયલા કેટલાક આગેવાનોની છબીઓ આપવામાં આવી છે.

આ વંશાવળીમાં રોજ, માહ સાથે જે સાલ આપવામાં આવ્યાં છે તે યઝદેઝરદી સને સમજવાં. આગલા વખતમાં રોજ માહની સાથે યઝદેઝર્દી સાલને બદલે સવંત સાલ લખવામાં આવતો હતો. પણ સંવત સાલ ઉપરથી યઝદેઝર્દી સાલની ગણત્રી કરીને, વંશાવળીમાં તે દાખલ કર્યો છે. વંશાવળીમાં દરેક નામની પાછલ તેનું અનુક્રમે નંબર આપ્યું છે, અને પરણેલા દરેક પુરૂષની સાથે તેની ધણીઆણીનું નામ આપ્યું છે, તે ધણીઆણી જો દાદાચાનજી કુટુંબની હોય, તો તેના નામની સાથે તેનું નંબર પણ આપ્યું છે. તેજ મુજબ દરેક સ્ત્રીની સાથે તેના ધણીનું નામ અને નંબર આપ્યું છે, જેથી તે ધણીઆણી અથવા ધણીનું નામ કઇ શાખામાં છે તે ખોળી કાઢવાનું સહેલું થઇ પડશે. દાદાચાનજીથી શુરૂ થતાં વંશાવળીના દીરખ્તમાં ગુજરી ગયલા આસામીઓની સાથ મરણનો દહાડોવાર આપવામાં આવ્યો છે. હયાત આદમીઓના નામ સાથ તેઓનું જનમ વર્ષ આપવામાં આવ્યું છે. જે બચ્ચાંઓ ન્હાનપણમાં ગુજરી ગયલાં છે, પણ જેમનો મરણનો દહાડો વાર મલ્યો નથી, તેઓ તેઓના નામ આગલની ખુ. (ખુર્દ) ની નીશાનથી માલમ પડી આવશે.

આ પુસ્તકને તેની હાલની હાલતમાં મુકવાને માટે મારા પીતા ખાનબહાદુર ડાક્ટર પાલનજી હોરમસજી દાદાચાનજી, તથા શેઠ કેરસાસપજી રૂસ્તમજી દાદાચાનજી, ડાક્ટર કાવસજી એદલજી દાદાચાનજી, શેઠ ફરેદુન કેરસાસપ દાદાચાનજી, એરવદ પીરોજજી એદલજી દાદાચાનજી, એરવદ સોરાબજી નવરોજી દાદાચાનજી અને કુટુંબના જે જે બાનુઓ અને ગૃહસ્થોએ મને મદદ આપી છે અને જે મદદ વીના આ પુસ્તક તેના હાલના આકારમાં મુકી શકાતે નહીં, તેઓનો ઉપકાર માનવાની હું મારી ફરજ સમજું છું.

છેવટે "શ્રી માણેક પ્રીંટીંગ પ્રેસ" ના માલેક એરવદ દીનશાહ એદલજી કરકરીઆનો આ વંશાવળી ઉત્તમ રીતે છાપવા પાછલ લીધેલી પુષ્કલ મેહનતને માટે હું આભારી છું.

તા૦ ૧ ૧–૧૯૨૦.
રોજ ૨–૪–૧૨૮૯.

**શોરાબ પાલનજી દાદાચાનજી.**

# દાદાચાનજી કુટુંબની તવારીખ.

આ ખાનદાનના મુળ પુરૂષ એરવદ દારાબ એરવદ ચાનજી જેઓના મુબારક નામ ઉપરથી આ કુટુંબને "દાદાચાનજી"નું નામ મળ્યું છે, તેઓને લગતી થોડીક તવારીખ અત્રે આપવાની જરૂર છે. એઓની પોતાની હકીકત આપવા પહેલાં એઓ નવસારીના મોબેદોના ભગરસાથ નામના જે ટોળાના એક સભ્ય હતા, તે ટોળાની ટુંક તવારીખ આપવાની જરૂર જણાય છે.

આગળા વખતના મોબેદોની ઓલાદની નોંધો (નામ ઘરણો) તપાસતાં માલમ પડે છે કે દરેક મોબેદી કુટુંબ પોતાને હિંદુસ્તાન આવેલા પહેલવહેલા **મોબેદ શાપુર શહેરીઆરથી** ઉતરી આવેલું જણાવે છે. એ માન્યતા કેટલે દરજજે ખરી છે, તે તપાસવાનું મારૂં કામ નથી. કેટલાક તવારીખનવેશો એવું જણાવી ગયા છે કે જે સદીમાં શાપુર શહેરીઆરની હૈયાતી હતી (એટલે યઝદેઝર્દી ૮૫) ત્યાંથી ગણતાં, આશા ફરેદુનના બપાવા હોમ બહમનયાર જે વર્ષમાં નવસારી આવ્યા (યઝદેઝર્દી ૫૮૪) તે અરસામાં એટલે ૫૦૦) વરસોમાં માત્ર સાત પેહડીઓ આવે છે જે અસંભવીત જણાયછે. કારણકે ૫૦૦) વર્ષમાં કંઈ નહિં તો ૧૫ થી ૨૦ પેહડીઓ થવી જોઇયે. આથી એવું અનુમાન થાય છે કે વચમાંની ઘણી પહેડીઓનાં નામો નિકળી ગયલાં હોવાં જોઇએ. અને હાલમાં જે સીલસીલાબંધ રીતે દરેક કુટુંબને શાપુર શહેરીઆર સાથ જોડવામાં આવે છે તે સીલસીલો જલવાયલો લાગતો નથી. ઈરાનથી જરથોસ્તીઓ હિંદુસ્તાન આવી સંજાણ ઉતર્યા ત્યારે શાપુર શહેરીઆર નામનો માત્ર એકજ મોબેદ હોય એ બનવાજોગ નથી. ઘણા મોબેદો આવેલા હોવાજ જોઇએ, અને બીજા કોઈની નહીં પણ માત્ર શાપુર શહેરીઆરની ઓલાદજ હૈયાત રહી છે, અને આખો જરથોસ્તી અથોરનાન ટોળો એકજ મુલ પુરૂષથી ઉતરી આવેલો છે એવું માની શકાતું નથી. એ ગમે તેમ હોય, છતાં એ તકરારને હાલની વંશાવલી સાથે લાગતું વળગતું નથી, અને નામઘરણો ઉપરથી સર્વે અથોરનાન કુટુંબો માને છે તેમ, આપણે પણ માન્ય રાખીશું કે મોબેદ દાદાચાનજીનું કુટુંબ પણ **મોબેદ શાપુર શહેરીઆરથી** ઉતરી આવેલું છે. તવારીખ ઉપરથી માલમ પડે છે કે સંવત ૭૭૨, ઇ. સ. ૭૧૬, યઝદેઝર્દી ૮૫ ના સાલમાં, કેટલાક ઇરાની જરથોસ્તીઓ ઇરાનથી મુસીબત અને હાદેસાઓથી પરેશાન થઇને હિંદુસ્તાન આવ્યા અને તેઓમાંના કેટલાકો દીવ અને પછીથી સંજાણ બંદરે ઉતર્યા અને ત્યાં આશરે ૩૦૦) વર્ષ રહયા પછી, ધંધો રોજગાર, ખેતી વીગેરેને અર્થે તેઓની વસતી ગુજરાતના શેહેરો, જેવાં કે નવસારી, સુરત, વરીઆવ, ખંભાત, અંકલેશ્વર ભરૂચ વીગેરે ઠેકાણે ફેલાવા લાગી, સંજાણ પછી સર્વેથી પહેલી પારસીઓની વસતી ઈ. સ. ૧૧૪૨ માં નવસારીમાં થઇ હતી, જે વખતે એ કસ્બાને નાગ મંડલને નામે ઓળખવામાં આવતો હતો. હવે જ્યારે નવસારીમાં જરથોસ્તીઓનો વસવાટ થયો, ત્યારે દીન આઇનનું કામ કરવા સારૂ અથોરનાનોની જરૂર જણાઈ ત્યારે પ્રથમ સંજાણથી કામદીન જરથોસ્ત નામના મોબેદ સાહેબ રોજ ૨૪, માહ ૧, સને ૫૫૧ યઝદેઝર્દીને દીને, પોતાના કબીલા સાથે નવસારી આવીને વસ્યા, અને કેટલીક મુદ્દત સુધી સર્વે ક્રિયા કામ તેઓ અને તેમના દીકરાઓ રાણા કામદીન અને મોબેદ કામદીને ચલાવ્યું. પણ જરથોસ્તીઓની વસ્તી વધી જવાથી, સઘળી ક્રિયાઓને તેઓ પહોંચી વળી શકયા નહિં. માટે સંવત ૧૨૭૧, ઇ. સ. ૧૨૧૫, અનેયઝદેઝર્દી સને ૫૮૪ માં કામદીન જરથોસ્તના દીકરાઓને સંજાણથી બીજા મોબેદોને બોલાવવા વીના છુટકો ન રહયો. તેથી રોજ ૬, માહા, ૮, યઝદેઝર્દી ૫૮૪ સાલમાં હોમ બહમનયાર નામના મોબેદ, પોતાના બેટા ફરેદુન સાથે નવસારી આવ્યા અને કામદીન જરથોસ્તના દીકરાઓ સાથ સઘળું ક્રિયા કામ કરવા માંડયું. અને આખરે કામદીન જરથોસ્તના બે દીકરાઓ અને ફરેદુન હોમના ત્રણ દીકરાઓ ભાગીઆ બન્યા, ને ભાગો એવી રીતે પાડયા કે કામદીન જરથોસ્તના બે દીકરાઓને અર્ધો ભાગ અને ફરેદુન હોમના ત્રણ બેટાઓને અર્ધો ભાગ મળે. આ પાંચ ભાગીઆ ઉપરથી નવસારીના મોબેદોની પાંચ પોળોના નામ પડયાં છે. રાણા કામદીનની ઓલાદ કાકા પાહલનની પોળ તરીકે ઓળખાય છે, મોબેદ કામદીનની ઓલાદ કાકા ધનપાલની પોલ ગણાય છે, અને ફરેદુન હોમના ત્રણ દીકરાઓ આશા, માહીયાર અને ચાંદા પરથી આશા ફરેદુન, માહીઆર ફરેદુન અને ચાંદા ફરેદુનની ત્રણ પોળો લેખાય છે.

એ મુજબ નવસારીના મોબેદોની પાંચ પોળો બની છે. આ પાંચ પોળોમાં આશા ફ્રેરેદુનવાળાની સર્વેથી મોટી ગણાય છે. એ પોળમાં નવસારી ખાતેના મોબેદોના સર્વથી વધારે કુટુંબો સમાઈ જાય છે તે નીચે મુજબ છે:—

| | | | | |
|---|---|---|---|---|
| અલુ | કોટવાલ | નવદર | બાના | વાચ્છા |
| અવાસીઆ | ગાય | નાગલા | ભવાન | સહીયાર |
| આદરબાદના | ગેતીના | પદમ | ભોજલું | સાપુરી |
| ઉનવાળા | ગેરાના | પરબુ | ભમગરા | સીમીના |
| કપટાન | ગોબાઇ | પાતલા | મહલવા | સીરવાઇ |
| કરીયું | ગોરા | પાદશાહ | મારકર | સુખા બહેરા |
| કાતરક | તુરબાન | પોચારા | મુલ્લાં | સુજ |
| કાવસ દાદાના | દાએઆ | પંથકી | મોદી | સોરી |
| કાવસ બહ્મનના | દાલખાઉ | ફ્રેકીનજી | મોરીઆ | હમજીઆર |
| કીકાન | **દાદાચાનજી** | **ફટાકીઆ** | રબાડી | હાથીરામ |
| કીયાસ | દેસાઇ (મોટા) | બારેવાત | રાજીઆ | હાસ્લુ |
| કુકા બરડી | દોલતાબાદી | બેહાક | રાનજી | |
| કોચા | ધાબી | બોદ | લશ્કરી | |

નવસારીના અથોરનાન ટોળાની ઉપલી પાંચ પોળોમાં નવસારીના સર્વે મોબેદી કુટુંબો સમાઇ જાયછે અને એ પોળવાળાઓ એક બીજાના કુટુંબો સાથે કેવી રીતનો સંબંધ ધરાવે છે તથા પોતાના મોબેદી પેશાની આવક કેવી રીતે વહેંચી લેતા હતા તની સાથે આ વંસાવલીને અત્રે સંબંધ નહિ હોવાથી. તે વિશે વિવેચન કરવાની જરૂર નથી.

નવસારીમાં આવી વસેલા મોબેદોની વસ્તીની શુરૂઆતનું વર્ણન આપવાની મતલબ એટલીજ છે કે **દાદાચાનજી** ખાનદાનના મુળ પુરૂષ **એરવદ દાદા એરવદ ચાનજીનો** ભગર્યા પંથ સાથનો સંબંધ સ્પષ્ટ રીતે માલમ પડે. વંશાવળીના બીજા પાના ઉપરથી માલુમ પડશે કે એરવદ દાદા એરવદ ચાનજી આશા ફ્રેરેદુનથી સાતમી પહેડીએ ઉતરી આવ્યા હતા. તેવણ એરવદ ચાનજી એરવદ હીરજીના દીકરા થતા હતા. એરવદ ચાનજી અને તેમના ભાઇઓ નાના અને વીકાજીના કુટુંબો **ફટાકીઆની** અટકથી જણાયલા હતા. આગલા વખતના જુના લખાણો અને ફ્રેરેહસ્તોમાં એ કુટુંબને "**હીરજી ડોસા ફટાકીઆ**" તરીકે ઓળખાવવામાં આવેલું માલુમ પડે છે. આશા ફ્રેરેદુનની પોલવાળા નરસંગ વાચ્છાની ઓલાદમાં ફટાકીઆ, કીકાન, દાદાચાનજી, પેસી પાટલા અને કુકા બરડીના કુટુંબો સમાઇ જાય છે. એ સર્વે કુટુંબો તે વખતે એકમેક સાથે અતલગની સગાઇ ધરાવતાં હતાં.

એરવદ દાદાચાનજી અસલ ભગર પંથથી કેમ સ્વતંત્રપણે કાર્ય કરવા લાગ્યા તે તવારીખપર આવવાને માટે, મરહુમ મોબેદ મીનોચહેર હોમજી અસલ પંથથી કેમ સ્વતંત્ર બન્યા તેની ટુંક હકીકત અત્રે જણાવવાની અગ્યશ્યકતા છે. નવસારીના ભગરીઆ મોબેદોનું પોતાના બહેદીનોને ત્યાંની ધર્મ ક્રિયા કરવા બાબદનું અને પોતપોતાની અંદર ભાગ લાગ વહેંચી લેવાનું બંધારણ એવા પ્રકારનું હતું કે તેઓ બહેદીનોની ઉપર ગમે તેવું દબાણ ચલાવી શકતા હતા. બહેદીનો પોતાના અંતઃકરણની લાગણી પ્રમાણે ખુદ ભગરીઆ ટોળામાંથી પણ પોતાની મરજીના મોબેદ પાસે કામ કરાવી નહી શકે અને જે ભગરીઆઓનો વારો હોય તેજ કામ કરી શકે, અને માંગે તેટલું દામ ન મળે તો ક્રિયા બંધ કરવાથી બેહદીનો ઘણા હેરાન થવા લાગ્યા. મોબેદો બહેદીનો ઉપર ગમે તેવો જુલમ કરીને મોટી ક્રિયાઓ કરતી વેળાએ પોતાની મરજી પડે તેટલું દામ લેવાની જબરી કરી શકતા હતા.

તેના પરીણામે વારે ઘડીએ બેહદીનો અને મોબેદો વચ્ચે ઝગડાઓ ઉભા થતા હતા. આખરે બેહદીનોએ મક્કમપણું બતાવીને પોતપોતાની વચ્ચે એવો ઠરાવ કર્યો કે મોબેદોને ચોકકસ લવાજમથી વધુ આપવું નહીં. અને જો મોબેદો વધુ માગે અને બેહદીનોનાં ઘરની ક્રિયા અટકાવે તો બેહદીનોએ પોતેજ યથા અવેસ્તા ભણીને, સુખડ લોબાન મુકીને, મુવાંની તેમજ જીવતાંની ક્રિયા કરી લેવી. તેમના આ સ્વબચાવનાં બંધારણથી મોબેદોનું રોજી મેળવવાનું સાધન ખુટી ગયું અને તેથી તેઓ ઘણા ઉશ્કેરાઇ ગયા. અને છેવટે તે ધર્મગુરૂ, દીનરક્ષક મોબેદોએ બેહદીનો ઉપર હુમલો કરીને તેઓનાં ઘરબાર લુટયાં અને છ બહેદીનોનાં ખુન કીધાં. ખુન કરનાર ભગરીઆ મોબેદોને અને તેઓ સાથ સામેલ થયલા બીજાઓને સુરતના નવાબની દરબારમાં પકડી લઇ જવામાં આવ્યા અને ત્યાં તેઓને કેદમાં નાખ્યા અને તેમની ઉપર ફોજદારી કામ ચાલ્યું. આખરે ભગરીઆ ઓની આજીજી ઉપરથી સુરતના તે વખતના મોદીજી, કુંવરજી નાનાભાઇ, તથા બીજા જરથોસ્તીઓએ પોતાનો ભારે લાગવગ ચલાવીને તેઓને છોડવ્યા. આ મારામારી પછી ભગરીઆ મોબેદોએ બહેદીનોને લખી આપ્યું કે અંધ્યારૂપણું રાજી ખુશીનું છે, જોરાવરીનું નથી, અને બહેદીનો પોતાની મરજી મુજબ ગમે તે મોબેદ પાસે પોતાના ઘરનું ક્રિયા કામ કરાવી શકે, અને તેમાં મોબેદોએ હરગેજ દખલગીરી કરવી નહીં. હવે આ બનાવ પછી મોબેદો અને બેહદીનો વચ્ચે કડવાસ વધતો ગયો, ત્યારે બહેદીનોએ ભગરીઆ-ઓમાંના ચાંદા કરેહુનની પોળમાંથી ઉતરી આવેલાં બજાં ખાનદાનના મરહુમ મોબેદ **મીનોચેહેરહોમજી**, જેઓ બહેદીનોમાં તે વખતે જાણીતાં થયલાં અને આગેવાન ગણાતાં **નસારી** ખાનદાન સાથે સગપણના ગાંઠથી જોડાયલા હતા એવું કેહેવાય છે, તેઓને પોતાના પંથકી બનાવ્યા અને તેઓના પોતાનાજ ઘરમાં એક જુદી અગીઆરી બનાવી આપી, અને તેઓ અને તેમના દીકરાઓ પાસે તથા તેમની સાથે એ અગીઆરીમાં જે બીજા મોબેદો જોડાય તેઓ પાસેજ, પોતાને ત્યાંની સર્વ ધરમ ક્રિયા કરાવવાનો, અને બીજા ભગરીઆઓ પાસે નહિ કરાવવાનો, લેખ કીધો. આ મોબેદ મીનોચેહેરહોમજી ઘણાજ લાયક, કાબેલ, પરોપકારી અને નેક ધર્મગુરૂ હતા. તેમની ઉપર બેહદીનોનો સંપુર્ણ ભરૂસો હતો. આવી રીતે મીનોચેહેર-હોમજી ટોળાનો પાયો નખાયો. એવું કહેવાય છે કે પહેલાં તો મીનોચેહેરહોમજી અને તેમના છોકરાઓ સાથે બીજા કોઈ ભગરીઆ મોબેદોએ જોડાવાની હીંમત કીધી નહીં, પણ ત્યાર પછી થોડાજ વખતમાં **મોબેદ દાદાચાનજી** પોતાના દીકરાઓ સાથે, તથા કરકરયા કુટુંબના વડવા મરહુમ મોબેદ મેહરજી ચાંદનાના વારેસો મોબેદ માનેચેહેરહોમજી સાથે જોડાયા.

મોબેદ મીનોચેહેરહોમજી અસલ ટોળાથી સ્વતંત્ર બન્યા ત્યાર પછી કેટલે વખતે મોબેદ દાદાચાનજી તેઓની સાથે જોડાયા તે વિષે ઘણી ખોળ કરવા છતાં નિશ્ચયપણે કાંઇબી માલુમ પડતું નથી, પણ તેઓ ઘણા ટુંક અરસામાંજ મીનોચેહેરહોમજી સાથે જોડાયલા હોવા જોઇએ. તેઓ પછી કરકરયા કુટુંબ અને રબાડી કુટુંબ પણ એ સાથમાં જોડાયાં. એ રીતે મીનોચેહેરહોમજી સાથ ચાર કુટુંબનો બનેલો હોવાથી, ઘણી વેળાએ એ ટોળાને "ચાર સાથવાળાઓ" તરીકે પીછાનવામાં આવે છે. પાછળથી એ ચાર સાથમાં ભંડારી કુટુંબ આવી મળ્યું. આવી રીતે મીનોચેહેરહોમજી સાથના ટોળાની સ્થાપના થઇ. આગલા દસ્તાવેજો ઉપરથી એવું માલમ પડે છે કે ઉપલાં પાંચ કુટુંબ સાથે બીજાં કુટુંબો જેવાં કે નરીમાન, આદરવાન, રાનજી, આંટીઆ વીગેરે મીનોચેહેર-હોમજી સાથમાં જોડ.યાં હતાં, પણ પાછલથી તેઓ અસલ ભગર સાથમાં પાછાં ગયાં હતાં.

મરહુમ મોબેદ દાદાચાનજી મુળ ભગર સાથ ટોળાથી સ્વતંત્ર થવાનો ઇતિહાસીક બનાવ આ દાદાચાનજી કુટુંબની તવારીખમાં ઘણો અગત્યનો ગણાવો જોઇયે. એ બનાવની આગમજ એમનું કુટુંબ "ફટાકીયા"ની અટકથી ઓળખાતું હતું. અને એ બનાવ પછીજ એ જાણીતા નરના અશો નામથી "દાદાચાનજી"ની અટકથી તે જાણીતું થવા પામ્યું. સગા સ્નેહીઓની વીરૂધતા છતાં, એક મોટા મુળ ટોળાની સામા થઇ તેનું બળ તોડવાનું પગલું ભરવું, એ કાંઇ સહેલું કામ નહતું. તેને માટે અસાધારણ હિંમત, મનની દ્રઢતા, સ્વતંત્રતા વીગેરે સદગુણોની ઘણી જરૂર હતી. અને મરહુમ મોબેદો મીનોચેહેરહોમજી, દાદાચાનજી અને તેઓ સાથ જોડાયલા કરકરયા, રબાડી અને ભંડારી કુટુંબના વડવાઓમાં એ ગુણો અસાધારણ પ્રમાણમાં હોવા જોઇયે. તેઓની લડત બેહદીનોની પોતાની મરજી મુજબના મોબેદ પાસે ધર્મ ક્રિયા કરાવવાની સ્વતંત્રતા જાલવવા માટે અને બેહદીનોની ધર્મ ઉપરની આસ્થા કાયમ રાખવા માટેની હતી. જયારે ભગરીઆ મોબેદોએ બેહદીનોની ધર્મ સંબંધી સ્વતંત્રતા ઉપર અંકોશ મુકયો અને ક્રિયાકામના દામ સંબંધી તેઓ સાથ ઝગડો કર્યો, અને બેહદીનોએ તેથી ક્રિયાકામ કરાવવાનું બંધ કર્યું—જેમ જો લાંબો વખત ચાલુ રહયું હતે તો બેહદીનોની ધર્મ ઉપરની

આસ્થા ઘણી ઓછી થઈ જરથોસ્તી ધર્મ અને ક્રિયાને જાથુકનો મોટો ધોકો પુગવાનો સંભવ હતો—તેવા વખતમાં ધર્મને નુકશાન થતું અટકાવવાની પોતાની ફરજ સમજી, મીનોચેહેરહોમજી સાથના મોબેદોએ મુખ્ય ટોળાના મોટા ભાગના વિચારથી જુદા પડી સ્વતંત્રપણે બેહેદીનોની મરજી મુજબ કામ કરવાનું દુરૂસ્ત વિચાર્યું. મરહુમ મોબેદ દાદાચાનજીના હાથમાં તવડી અને તેની આસપાસના ગામોનું મોટું પંથક હતું જેથી આવું પગલું ભરવા માટે દેખીતી રીતે તેમને પૈસા કમાવાની લાલચ જેવું તો હતુંજ નહીં. તેઓએ યજમાન વર્ગની સ્વતંત્રતા જાળવવાના નિયમને ખાતર અને એક ધર્મગુરૂ તરીકેની પોતાની ફરજને ખાતરજ આવું પગલું ભરવાનું વાજબી વિચારેલું હોવું જોઈયે, અને જે નિયમને ખાતર એ મરહુમ અશો મોબેદ અને તેમના સાથવાલાઓએ આગલા વખતમાં લડત ચલાવી હતી તે નિયમને વળગી રહી તેને બહાલ રખાવવા આજે પણ એ પાંચ કુટુંબના વંશજો પોતાથી બનતું કરે છે.

ઉપર જણાવ્યું છે તેમ મરહુમ મોબેદ દાદાચાનજી પોતાના સાત દીકરાઓ સાથે મીનોચેહેરહોમજી સાથમાં જોડાયા તે ટાંકણે તેઓ તવડીના પંથકી હતા. તે પંથક અસલથી તેઓના વડવાઓના હાથમા હતું. ખુદ દાદાચાનજી પોતે પણ તવડીના બેહેદીન કાઉસ આસદીન તવડીઆને નામના નાવર થયા હતા. એ પંથક હજુ પણ દાદાચાનજી કુટુંબનાજ હાથમાં છે. એ પંથક મોબેદ દાદાચાનજીના દીકરા જમશેદ દાદાચાનજીની ઓલાદ જે "વાલખાઉ" વાળી શાખા તરીકે જણાયલી છે તેના હાથમાં લાંબા વખત સુધી જળવાઈ રહ્યુ હતું, પણ પાછળથી તેઓએ એ પંથક છોડી દઈ, દાદાચાનજી કુટુંબની "શીરામ" વાલી શાખા, જે દાદાચાનજીના દીકરા દીરાથી ઉતરી આવેલી છે, તેને સોંપ્યું હતું, અને હમણા પણ એજ શાખા એ પંથક ધરાવે છે અને તવડીના બેહેદીનોમાં એ પંથકીઓનો સારો લાગવગ છે.

મરહુમ મોબેદ દાદાચાનજી તથા તેઓના વડીલો અસલથી નવસારી કસ્બાના **મોટા ફળીઆના સાંગાવાડમાં** રહેતા હતા, અને આજે પણ દાદાચાનજીવાલાઓનો મુખ્ય વસવાટ એજ મોહલ્લામાં અથવા **તેની નજદીકમાં** છે. ખુદ દાદાચાનજીનું અસલ ઘર હજુ પણ મરહુમ મોબેદ પેસતનજી ભીખાજી **દાદાચાનજીના** વારસોના હાથમાં છે. અલબત તે ઘરની અસલ બાંધણીમાં આટલા લાંબા કાળ પછી ઘણો ફેરફાર થઈ ગયો છે. આ ઘર અને તેની પુર્વે આવેલાં બીજાં ત્રણ ઘરો મળીને જે હાર બનેલી છે તે આખી હારનાં સઘળાં ઘરો અસલ **દાદાચાનજી** કુટુંબના હતાં, એમ એક જુની વહેંચણી ઉપરથી માલમ પડે છે. દાદાચાનજીના ઘરને આગલે બારણે એક કુવો આવેલો છે. એ કુવા ઉપર કોઈ પણ જાતની તખતી ન હોવાથી, તે કોણે બંધાવ્યો હતો અથવા કોણની માલેકીનો હતો તે વિષે જુદી જુદી વાતો જાયજ છે. કેટલાકોનું કહેવાનું એ છે કે એ કુવો મોહલ્લાનો સારો છે, અને બીજાઓ કહે છે કે દાદાચાનજીની જગ્યા ઉપર દીરા લાખણ નામના કોઈ સખી હિંદુ ગ્રહસ્થ, જેણે નવસારીમાં પાંચથી સાત કુવા બંધાવેલા કહેવાય છે, તેણે બંધાવ્યો હતો. પણ દાદાચાનજી કુટુંબને લગતી આગલી વીગતોની શોધ કરતાં માલમ પડે છે કે એ કુવો દાદાચાનજીના વડીલોએ બંધાવેલો હોવો જોઈએ. એક જુની ફેરેહસ્તમાં સાંગા મોહલ્લામાં આપઘાત કરી ગુજરી જનાર એક બાઈના મરણની નોંધ લેતાં લખવામાં આવ્યું છે કે મજકુર બાઈએ "દીરજી ટેમા ફટાકીઆ" (એટલે દાદાચાનજીના બપાવા) ની કુઈમાં પડીને આપઘાત કીધો હતો. તે વેલાએ સાંગા મોહલ્લામાં ફકત આ એકજ કુવો હતો.

મરહુમ દાદાચાનજીનો જન્મ યઝદેઝર્દી ૧૦૨૧ (સંવત ૧૭૦૮) માં થયો હતો, તેઓ સંવત ૧૭૧૯ માં એટલે ૧૧ વર્ષની વયે નાવર થયા હતા, (રોજ ૧૧, માહ ૭). એમનું મરણ રોજ ૨ માહ ૩ યઝદેઝર્દી ૧૦૯૧ માં ૭૦ વર્ષની બુઝોર્ગ ઉમ્મરે થયું હતું. એમનાં ધણીઆણીનું નામ સાહજન હતું અને રોજ ૨૭, માહ ૪ ને દીને તેઓ બેહેસ્તનશીન થયાં હતાં. તેમના હક થવાનું સાલ મલતું નથી. દાદાચાનજીના બાવા ચાનજી દીરજી રોજ ૧, માહ ૭, સંવત ૧૭૦૦ ને દીને નાવર થયા હતા, અને રોજ ૨૯, માહ ૧૧ ને દીને ગુજર્યા હતા. પણ તેમના ઉજસત ગુઝીન થવાનું સાલ જણાયલું નથી. દાદાચાનજીના માતાનું નામ બાઈ હતું. તેઓ રોજ ૬, માહ ૫, સંવત ૧૭૧૭ ને દીને ગુજર્યાં હતા.

દાદાચાનજીના બે ભાઈઓ હતા. તેમના નામો બરજોર અને બહેરામ હતાં અને તેઓ અનુક્રમે રોજ ... માહ ૭, સંવત ૧૭૨૪ અને રોજ ૧૦, માહ ૭, સંવત ૧૭૨૫ ને દીને નાવર થયા હતા.

દાદાચાનજીના સાત બેટાઓ હતા—આશા, માણેક, બહમન, જમશેદ, રતન, હીરા અને બહેરામ. એ દીકરાઓની [illegible] નામો વીષે જુદે જુદે ઠેકાણે જુદી જુદી નોંધો થયલી છે. ઉપલાં સાત નામો પારસી પ્રકાશમાં આપેલાં છે જો કે તે શું આધારે આપેલાં છે તે જણાતું નથી. પારસી પ્રકાશમાં આપેલું બેહેરામ દાદાચાનજીનું નામ કુટુંબનાં નામઘરણાંમાં તેમજ બીજા દસ્તાવેજોમાં મળતું નથી. રોજ ૧, માહ ૯, સંવત ૧૭૭૯ ના સાલમાં દાદાચાનજીના દીકરાઓ વચ્ચે ભાગ લાગની વેહેચણી થઇ તેના દસ્તાવેજમાં લખવામાં આવ્યું છે કે "વાંટણી આ૦ દાદા ચાનજી હીરજી ફટાકીઆના બેટા ૭ વચ્ચે" જે ઉપરથી જણાય છે કે જો દાદાચાનજીનો બેહરામ નામનો દીકરો થયો હોય તો તે આ વખતે ગુજરી ગયલો હશે. વલી મીનોચેહેરહોમજી સાથવાળા મોબેદોમાં પોતાના ધંધાનો ભાગ વહેંચી લેવા બાબદ મતફેરી પડી તેનો નીકાલ કરીને રોજ ૨૪, માહ ૧૦, સંવત ૧૭૮૪ ને દીને માહોમાહે જે લેખ કીધો હતો તેની ઉપર પણ દાદાચાનજીના જે ૭ છોકરાઓનો ભાગ લખેલો છે તે નીચલા અનુક્રમે છેઃ— માણેક, રતન, બહમન, જમશેદ, હીરા અને આશા. બીજા એક દસ્તાવેજમાં એ ૭ ભાઈઓએ સહી કીધી છે તે નીચલા અનુક્રમે છેઃ— માણેક, રતન, હીરા, બહમન, જમશેદ અને આશા.

હાલનું દાદાચાનજીનું હૈયાત કુટુંબ દાદાચાનજીના ત્રણ દીકરાઓ બહમન, જમશેદ અને હીરાથી ઉતરી આવેલું છે. બાકીના દીકરાઓની પહેડી ખતમ થઇ ગઈ છે અથવા તો તેઓના છોકરાઓ ભગરીઆ સગાંઓમાં પાલક થવાથી, પાછા ભગર પંથમાં સમાઈ ગયા છે. જેમકે આશા દાદાચાનજીના દીકરા પેશીનો દીકરો રૂસ્તમ, ફટાકીઆ કુટુંબમાં પાલક થવાથી, તે તથા તેનું વંશ પાછું ભગર સાથમાં આમેજ થઇ ગયું હતું. એવી રીતે હાલનું દાદાચાનજી કુટુંબ, ઉપર જણાવ્યું છે તેમ, મરહુમ દાદાચાનજીના ત્રણ બેટા બહમન, જમશેદ અને હીરાથી ઉતરી આવ્યું છે. પરવરદેગારની મેહેરબાનીથી હાલનું એ કુટુંબ આબાદ કેળવાયલું અને આગલ વધેલું છે. એ આખા કુટુંબની હાલની વસ્તી ૧૪૦ મરદો અને ૧૬૧ ઓરતો એટલે કુલે ૩૦૧ ની સંખ્યાની થાય છે. ૧૪૦ મરદોમાં ૧૬ વરસ અથવા તે અંદરની ઉંમરના ૪૦ છોકરાઓ છે તેઓને, તથા ૧૫ મરદો જેઓ તારાપોરમાં વસે છે તેઓને, બાદ કરતાં નવસારીવાલી આ કુટુંબની શાખામાં ૮૫ મરદો બાકી રહે છે. તેઓમાંથી ૨૩ ગ્રેજ્યુએટો અને ૧૫ અંડર ગ્રેજ્યુએટો તરીકે બહાર પડયા છે. ૨૩ ગ્રેજ્યુએટોમા ૨ એમ. એ. (M. A.) ની ડીગ્રી ધરાવે છે, જ્યારે ૧૧ બી. એ. (B. A.), ૧ બી. એસ. સી. (B. Sc.), ૭ ડાકટર અને બે સીવીલ એનજીનીયરની ડીગ્રી અથવા ડીપ્લોમા ધરાવે છે. વલી ૧૧ આર્ટસ ગ્રેજ્યુએટોમાં ૮ એલ. એલ. બી. (LL. B.), ૨ બેરીસ્ટરો, ૩ સોલીસીટરો અને એક સીવીલ એનજીનીયર આવી જાય છે. એમનામાંના એક જીન્નત નશીન થયા છે. બાકી સર્વે હૈયાત છે, અને પ્રજાને ઉપયોગી અને ઉદ્યોગી જીંદગી ગાળે છે. આ ઉપરથી જણાશે કે આ કુટુંબમાં ઉચ્ચ કેળવણી મેલવનારા મરદોનું પ્રમાણ ૪૨ ટકા જેટલું છે, જે કોઇપણ જરથોસ્તી કુટુંબ સાથ સરખામણી કરી શકે અને ઘણુંકોપર સરસાઇ ભોગવે એવું છે. એ ઉપરાંત મીકેનીકલ વીભાગમાં ૧ મેરીન એનજીનીયર છે અને બોમ્બે પરશીયન સ્ટીમ નેવીગેશન કું. માં ચીફ એનજીનીયરનો બેખમ ભર્યો ઓધ્ધો ભોગવે છે, જ્યારે ૨ મીકેનીકલ એનજીનીયરો, ૧ ઇલેકટ્રીકલ એનજીનીયર અને ૧ કાર્ડીંગ માસ્તર છે. એ ઉપરાંત ૨૦ મરદો બુલંદ મોબેદી પેશો ચલાવે છે. વલી ઉંચા ઓધ્ધા અને માનપાન મેલવવામાં પણ આ કુટુંબ નસીબવંત નીવડયું છે. તેનો ટુંક સાર આ પ્રમાણે છે. એક વડોદરા રાજ્યની વરીષ્ટ કોર્ટના ચીફ જસટીસ થઈ તે રાજ્યના દીવાન પદે પોંહોંચ્યા હતા, એક મુંબઇની કોરપોરેશનના પ્રમુખ થવાનું માન મેલવવા પામ્યા હતા, અને આજે તે સંસ્થાના સર્વેથી જુના સભાસદ છે, એક ઇનડીયન સીવીલ સર્વીસ (I. C. S.)માં દાખલ થયા હતા, એક ખાનબહાદુરનો ઇલકાબ પામ્યા છે, એક ખાનસાહેબ થયા હતા, બે મુંબઇના જસટીસ ઓફ ધી પીસ (J. P.) થયા છે, એક મુંબઇની સ્મોલ કોઝ કોર્ટના ન્યાયાધીશ પદે પોંહોંચ્યા છે, એક મુંબઇના ઇમપરૂવમેંટ ટ્રસ્ટનાં મદદનીશ લેંડ મેનેજર છે, અને ત્રણ ઇન્ડીયન મેડીકલ સર્વીસ (I. M. S.) માં દાખલ થઇ શેહનશાહતને લડાઇના વખતમાં મદદ કરી છે. વલી યુનીવરસીટીના પ્રાઇઝો અને સ્કોલરશીપો મેલવવામાં પણ આ કુટુંબના નબીરાઓએ સારૂં નામ કહાડયું છે, જેની વીગત એ ઇનામો જીતી જનારાઓની કારકીરદીમાં જણાવવામાં આવી છે.

જ્યારે કોઇ એક કુટુંબ ઘણું મોટું થાય ત્યારે તેની જુદી જુદી શાખાઓને જુદા જુદા મશકરીના આડ નામ (nicknames) આપવામાં આવે છે. એજ પ્રમાણે જ્યારે દાદાચાનજી કુટુંબ મોટું થવા લાગ્યું, ત્યારે તેમાં પણ જાતજાતના મશ્કરીના આડનામો અપાવા લાગ્યાં, અને અમુક પેસ્તનજી કે કાવસજી કે રૂસ્તમજીને

ઓલખવા હોય, તો તાલકયા, વાલખાઉ, મેઘા, અથવા શીરામ ( શ્રીરામ ) ઉમેર્યાથી તેઓ તુરત માલમ પડી આવતા. એ રીતે દાદાચાનજીના ત્રણ જુદા જુદા બેટાઓથી ઉતરી આવેલી મુખ્ય શાખાઓનાં જુદાં જુદાં આડનાંમો પડેલાં છે, જેવાં કે તાલકયા, વાલખાઉ, મેઘા, શીરામ ઇત્યાદિ. બહમનજી દાદાચાનજીની શાખાનો મોટો ભાગ **તાલકયા** તરીકે ઓલખાય છે. એ શાખામાં મરહુમ ખાનસાહેબ કાવરૂજી હોરમજી દાદાચાનજી, ખાનબહાદુર ડાકટર પાલનજી હોરમજી દાદાચાનજી, મરહુમ પેસતનજી હોરાબજી દાદાચાનજી, મરહુમ હોરમજજી માણેકજી દાદાચાનજી, એરવદ પીરોજજી એદલજી દાદાચાનજી ઇત્યાદિના કુટુંબો આવે છે. જમશેદ દાદાચાનજીની શાખાનો મોટો ભાગ **વાલખાઉ** તરીકે જણાયલો છે. મરહુમ જામાસ્પજી એદલજી દાદાચાનજી તથા ડાકટર કાવસજી એદલજી દાદાચાનજી એ શાખામાં આવી જાય છે. હીરા દાદાચાનજીની શાખામાંથી **મેઘા** અને **શીરામ**ને નામે ઓળખાતાં કુટુંબો નીકલ્યાં છે. મેઘામાં મરહુમ મોબેદો પાલનજી તથા રૂસ્તમજી રતનજી દાદાચાનજી શેઠ કેરશાસ્પજી રૂસ્તમજી દાદાચાનજી, ડાકટર એદલજી રૂસ્તમજી દાદાચાનજી, શેઠ કાવસજી ટેમુલજી દાદાચાનજી, વીગેરેના કુટુંબોનો સમાવેશ થાય છે; જ્યારે શીરામમાં શેઠ મહેરવાનજી એદલજી દાદાચાનજી તથા એરવદ બેરામજી દારાબજી દાદાચાનજીના કુટુંબો આવી જાય છે. એ મુખ્ય અટકો શીવાય બીજી ઘણી અટકો પડી છે, પણ તે બધી પાછળા વખતની માલમ પડે છે, જેવી કે વરાન, ફ્લીસ, ગનેશ, દાવર વીગેરે. પણ એ પાછળી અટકવાલાઓ ઉપલી ચાર મુખ્ય અટકવાળાઓની માત્ર પેટા શાખાઓજ છે. એ જુદીજુદી અટકવાળી શાખાઓનો વંશાવલીના કયાં કયાં પાનાંઓમાં સમાવેશ થયો છે, તે કુટુંબીઓને જાણવાને સવલ પડે એવી મતલબથી નીચલી ટીપ આપવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| **તાલકયા** | વંસાવલીનું | પાનું | ૬ થી ૧૪. |
| વરાન | ,, | ,, | ૧૭–૧૮ |
| ફ્લીસ | ,, | ,, | ૧૯–૨૦ |
| **તારાપોર લાઇન** | ,, | ,, | ૨૧–૨૮ |
| વાલખાઉ | ,, | ,, | ૨૯–૩૬ |
| ગણેશ–દાવર | ,, | ,, | ૩૨ |
| **મેઘા** | ,, | ,, | ૩૭–૪૫ |
| **શીરામ** | ,, | ,, | ૪૬–૪૮ |

ઉપલી અટકો પડવાના કારણો કુટુંબના બુઝોર્ગો નીચે મુજબ જણાવતા હતા.

**તાલકયાઃ**–એમ જણાય છે કે એ શાખાના એક બુઝોર્ગ વડવા રાત્રે કોડીઆંના દીવા આગળ બેસીને સીવતા હતા. તે વેળાએ તેઓ એટલા વાંકા વલયા હતા, કે માથાંના બાલને દીવાની ઝાળ લાગવાથી બાલ સળગી ઉઠયા. તેથી પોતાનું તાલકું દાઝી ગયું, એવી બુમ તેઓએ પાડવા માંડી. તે ઉપરથી, તેમજ કદાચ તાલકાના બાલ બળી જઇ તાલકું ખુલ્લું થઈ જવાથી, તેમને તાલકયા કરીને ઓળખાવવામાં આવ્યા અને ત્યારથી આજ સુધી એ કુટુંબના સભ્યો તાલકયાને નામે ઓલખાય છે.

**વાલખાઉઃ**—વાલખાઉ કુટુંબના મોબેદો અસલથી ઉપર સદર જણાવવા મુજબ તવડીનું પંથક ચલાવતા હતા. એક વર્ષે વાલનો પાક એટલો બધો ઉતર્યો હતો કે વાલ પાણીને મુલે વેચાવા લાગ્યા. તે અરસામાં તવડીના એક બહેદીન ગાડું ભરીને વાલ નવસારી વેચવા લાવ્યા. પણ વેપારીઓએ તે માલની ઘણીજ નીર્જીવ કીંમત આપવાની માંગણી કરવાથી તેઓએ તે વેચવાને બદલે પોતાના દાદાચાનજી પંથકીને ત્યાં તે ગાડું ખાલી કરીને, તેમને તે ભેટ આપ્યા. તેમણે ધાર્યું કે સસ્તા વેચવા કરતાં, પોતાના ગરીબ મોબેદને આપે તો તેનાં બચ્ચાંઓ તે ખાઈને આશીષો દેશે. એતેફાક એવો બન્યો કે બીજે વર્ષે સખત દુકાલ પડયો અને લોકોને અનાજ મેળવવાની અતિશય મુશકેલી પડી, અને ભુખમરો વેઠવો પડયો. તે વખતમાં તવડીના આ ગરીબ પંથકીના ઘરમાં ભરેલા વાળ તેઓને ખરા આશીર્વાદ સમાન થઇ પડયા. જયારે બીજા લોકોને ખાવાના વાખા પડે ત્યારે આ કુટુંબ ચુપચુપ રોજ વાળ ખાઇને પેટ ભરતું હતું. પણ આડોસીપાડોસીઓ જ્યારે એ કુટુંબના નાનાં છોકરાંઓને પુછવા મંડયા કે “ આજે શું જમ્યાં, ” ત્યારે રોજ તે નીર્દોષ બાલકો કહેતાં હતાં કે “ આજે વાળ ખાધા. ” તે ઉપરથી એ આખી શાખાનું નામ વાલખાઉ પડયું.

**મેઘાઃ**–એ અટક કેમ પડી તેનો કાંઈ મનમાનતો ખુલાસો મળી શકતો નથી.

**શીરામઃ**—એ અટક હિંદુઓના સ્મશાને જતી વખતના "શ્રીરામ" બોલ ઉપરથી નીકલેલી લાગે છે, કારણ કે હિંદુઓના સ્મશાનની નજદીકમાં એ કુટુંબીઓનું મકાન આવેલું છે. ત્યાં "શ્રી રામ" ની બુમો સંભળાતી હતી તે ઉપરથી એ અટક પડી હોય. એ અટક ઘણા પાછળા વખતે પડી હોય એવું લાગે છે.

દાદાચાનજી કુટુંબની એક શાખા ઘણા લાંબા વખતથી તારાપોર જઈને વસી છે. એવું કહેવાય છે કે જમશેદ દાદાચાનજીના દીકરા દારાબના બે દીકરાઓ **જીજીદારૂ** અને **શાપુર**, મોગલાઇ વખતમાં, કોઇ મુશ્કેલીમાં અથવા ઇતરાજીમાં આવી પડવાથી તારાપોર જઇને વસ્યા હતા. અને તે જગાને પોતાનું જાગુકનું રહેઠાણ બનાવ્યું હતું અને એ બે ભાઈઓની પહેડી આજે પણ **તારાપોર**માં વસે છે. અસલ કુટુંબથી લાંબોવખત થયા છુટા પડવાને લીધે, એ કુટુંબોની અટકમાં આસ્તે આસ્તે ફેરફાર થવા માંડ્યા છે, અને કેટલાકોએ દાદાચાનજીની અસલ અટક છોડીને બીજી અટકો ધારણ કીધી છે, જેવી કે "તારવાલા" (કારણ કે આંગણામાં તાડનું ઝાડ હતું), "મહેતા" (કારણ કે મહેતાગીરી કરતા હતા), વીગેરે. પણ ખુશી અને શુક્રગુઝારીની બીના એ છે કે કેટલાક જવાનીઆઓએ પાછી દાદાચાનજીની અટક ધારણ કરવા માંડી છે. તારાપોરવાલા દાદાચાનજીઓ ઘણો લાંબો વખત થયા ઉદવાડે નાવર મરાતબ થતા આવ્યા છે. આ જગ્યાએ તારાપોરની દાદાચાનજીના વંશની એક શાખા વીશે કાંઇક નોંધ લેવાની જરૂર છે. તારાપોરમાં "ખાંજનવાલાનું" એક કુટુંબ વશે છે જે પણ અસલ દાદાચાનજીના વંશમાંથી ઉતરી આવેલું જણાવવામાં આવે છે. તેઓને ત્યાં લગ્નમાં તથા મરણ વખ્તે તેઓની અટક "દાદાચાનજી તથા ખાજનવાલા" તરીકે જણાવવામાં આવે છે. એ કુટુંબ તારવાલાના કુટુંબ સાથે અતલગની સગાઇથી જોડાયલું છે. ઘણી ખબર કહાડવા છતાં એ કુટુંબ કોણુથી ઉતરી આવ્યું છે તે બરાબર જણાતું નથા. એ કુટુંબની હાલની નામ ધરણની પોથીઓ ઉપરથી એ કુટુંબનો સંબંધ મરહુમ દાદાચાનજી સુધી સીલસીલાબંધ જોડી શકાતો નથી તેમજ એ કુટુંબના હાલના હૈયાત આદમીઓ પણ ચાર પાંચ પેહેડી ઉપરના પોતાના વડવાઓના નામ કહી શકતા નથી. હાલમાં એ શાખાની જે વીગતો મલી છે તે પાના ૪૯ ઉપર ખાજનવાલાનાં કુટુંબનાં મથાલાં નીચે મુકી છે. જો કોઇ એ શાખાની વધારે વીગતો આપી શકશે તો હમારા ઉપર ઉપકાર થશે.

# એ૦ શાપુર-શેહરીયાર થી એ૦ આશા ફરેદુન સુધીની લાઇન.

- એ૦ શહેરીયાર
  - એ૦ શાપુર
    - એ૦ રામયાર
      - એ૦ હોરમઝદીયાર
        - એ૦ મોવેદ
          - એ૦ બહેરામ (ભરૂચની કામદીન દસતુરની પહેડીના વડવા)
          - એ૦ જરથોસત
            - એ૦ કામદીન (નવસારીના મોબેદો કાકા ધનપાલ અને કાકા પાહલનની પહેડીના વડવા)
            - એ૦ મોવેદ (સુરતના ગોદાવરા મોબેદની પહેડીના વડવા)
    - એ૦ ધવલ
      - એ૦ નેરયોસંગ
        - એ૦ મોવદ
          - એ૦ ખુશમસ્તા
            - એ૦ ખોજસ્તા
              - એ૦ બહમનયાર
                - એ૦ હોમ
                  - એ૦ ફરેદુન
                    - એ૦ આશા (આસા ફરેદુનની પોલના વડવા) [જુવો પાનું ૨.]
                    - એ૦ માહીયાર (માહીયાર ફરેદુનની પોલના વડવા)
                    - એ૦ ચાંદા (ચાંદા ફરેદુનની પોલના વડવા)
                - એ૦ હોરમજદીયાર
                  - એ૦ ધનપાલ
                  - એ૦ કામા
                  - એ૦ શાપોર

                  ઉડવાડા, વલસાડ, સંજાન વીગેરેના મોબેદોના વડવા.

# એ૦ આશા—ફરેદુનથી એ૦ દાદાચાનજી સુધીની લાઇન.

- એ૦ આશા (જુવો પાનું ૧.)
  - એ૦ નાગોજ
  - એ૦ જેશા
  - એ૦ વાછા
    - એ૦ રૂસતમ
    - એ૦ મોવેદ
    - એ૦ અસપંદીયાર
    - એ૦ ચાચા
    - એ૦ નેરયોસંગ
      - એ૦ રાણા
        - એ૦ રૂસતમ
          - એ૦ ડોસા
            - એ૦ હીરજી
              મ૦ ૧૫-૪-૧૦૩૫
              - એ૦ ચાનજી
                મ૦ ૧૬-૫-૧૦૩૯
                =બાઇ
                - એ૦ ખરજોર
                - એ૦ દાદા (૧)
                  (દારાબ)
                  મ૦ ૨-૩-૧૦૯૧
                  ઉ૦ વ૦ ૭૦.
                  =શાહજન
                  (જુઓ પાનું ૩.)
                - એ૦ બહેરામ
              - એ૦ નાહના
              - એ૦ વીકાજી
      - એ૦ રામ
    - એ૦ ધઇઆ
    - એ૦ ચાંઇઆ
  - એ૦ ડોસા

# એ૦ દાદા-ચાનજી.

ના૦ ૧ થી ૨૧.

- એ૦ દાદા (દારાબ) (૧) મ૦ ૨-૩-૧૦૯૧ ઉ૦ વ૦ ૭૦ =શાહજન
  - એ૦ આશા (૨) મ૦ ૨-૩-+
    - (૯) એ૦ બરજોર
      - એ૦ જમશેદ (૧૨) (પાલક એ૦ પેસી આશા (૧૦) નો)
        - ખુ૦ એદલ (૧૩) મ૦ ૧૧-૫-+
        - ખુ૦ બીખા (૧૪) મ૦ ૪-૮-+
    - (૧૦) એ૦ પેસી
      - (૧૫) એ૦ મીનોચેહર મ૦ ૧૬-૫-+
      - (૧૬) એ૦ રૂસતમ
    - (૧૧) એ૦ દારાબ (પાલક પેસી નોશીરવાનનો)
  - એ૦ માણેક (૩) મ૦ ૬-૭-+ =નવાજબાઇ
    - એ૦ નવરોઝ (૧૭) મ૦ ૩૦-૬-+
    - માણેકબાઇ (૧૮) મ૦ ૧૧-૭-૧૧૫૨ =એ૦ દારાબ જ૦ દા૦ (૩૧૬)
  - એ૦ બહમન (૪) મ૦ ૧૭-૩-+ =વીરબાઇ માણેકજી ફરેદુન ચાંદા =માણેકબાઇ લોહરાસ્પ (જુવો પાનું ૪)
  - એ૦ જમશેદ (૫) મ૦ ૭-૧-૧૧૨૧ =વીરબાઇ આદર (જુવો પાનું ૨૧)
  - એ૦ રતન (૬) મ૦ ૯-૫-+ =નવાજબાઇ
    - એ૦ રૂસતમ (૧૯) મ૦ ૨૨-૭-+
      - ખુ૦ જમશેદ (૨૦) મ૦ ૨૧-૬-+
    - એ૦ સોહરાબ (૨૧) મ૦ ૧૦-૭-+ (કાકા બહેરામ (૮) નો પાલક)
  - એ૦ હીરા (૭) મ૦ ૧૯-૮-+ (પાલક એ૦ આદરજી મીનોચહેર ધાભરનો) =ચાંદણી =વીરબાઇ (જુવો પાનુ ૩૭)
  - એ૦ બેહરામ (૮)

એ૦ બહમન (૪) [જુવો પાનું ૩]
મ૦ ૧૭-૩-+
=વીરબાઇ માણેકજી ફરેદુન ચાંદા.
=માણેકબાઇ લોહરાસ્પ.

એ૦ રતન (૨૨)
મ૦ ૧૬-૭-+
=ગે૦ માણેકબાઇ શાપુર

એ૦ મીનોચહેર (૨૩)
મ૦ ૧૯-૧-+
=નવાજબાઇ
(જુવો પાનું ૧૫)

એ૦ કેરશાશપ (૨૪)
મ૦ ૧૬-૫-+
=જીઆબાઇ
(જુવો પાનું ૧૭)

ખુ૦ વીરબાઇ (૨૫)
મ૦ ૧૫-૫-+

એ૦ દારાબ (૨૬)
મ૦ ૨૦-૬-+
=વીરબાઇ

ખુ૦ કાઉસ (૩૧)
મ૦ ૧૦-૨-+

એ૦ માણેક (૨૭)
મ૦ ૬-૭-+
=કુંવરબાઇ

ખુ૦ નવરોજ (૨૮)
મ૦ ૧-૧૧-+

એ૦ એદલ (૨૯)
મ૦ ૧૭-૧-૧૧૮૮
=ખુ૦ માકી
=કુંવરબાઇ એ૦
હી૦ દા૦ (૬૦૭)

એ૦ બહેરામ (૩૦)
મ૦ ૯-૮-૧૨૦૩
ઉ૦ વ૦ ૮૦
=હીરાંબાઇ
(જુવો પાનું ૯)

એ૦ ખોરશેદ (૩૨)
મ૦ ૨૪-૧૧-૧૧૮૮
=રતનબાઇ મી૦ શા૦
દા૦ (૨૬૯)

એ૦ ફરામ (૩૩)
(ભાઇ ખોરશેદ
(૩૨)નો પાલક)
મ૦ ૧૨-૬-૧૨૦૫
=અચુબાઇ નવ૦
ખ૦ દા૦ (૪૫૭)
(જુવો પાનું ૫)

એ૦ બહમન (૩૪)
મ૦ ૭-૨-૧૨૦૫
=નવાજબાઇ એ૦
ર૦ દા૦ (૧૦૫)
=રતનબાઇ એ૦
ર૦ દા૦ (૧૧૨)
(જુવો પાનું ૬)

એ૦ રતન (૩૫)
મ૦ ૨-૧૨-૧૨૪૭
ઉ૦ વ૦ ૮૫
=હમાએ બરજોરજી
શા૦ દા૦ (૬૨૦)
(જુવો પાનું ૮)

હીરાંબાઇ (૩૬)
મ૦ ૨૯-૧૦-૧૨૪
ઉ૦ વ૦ ૭૫.
=એ૦ એદલજી મી૦
શા૦ દા૦ (૨૬૬)

હમાએ (૩૭)
મ૦ ૧૯-૫-૧૨૨૯
=એ૦ જમશેદ પા૦
દા૦ (૨૩૭)

# એ૦ ફરામ-એદલ-રતન-બહમન-દાદાચાનજી.

એ૦ ફરામ (૩૩) [જુવો પાનું ૪]
(પાલક ભાઇ ખોરશેદ (૩૨) નો)
મ૦ ૧૨-૬-૧૨૦૫
=બચુબાઇ ન૦ ખ૦ દા૦ (૪૫૭)

નવાજબાઇ (૩૮)
મ૦ ૯-૩-૧૨૬૪
ઉ૦ વ૦ ૭૨
=એ૦ બરજોર ખ૦ એ૦ દા૦ (૬૨)
=એ૦ હોરમજી નરીમાન

ખુ૦ એદલ (૩૯)
મ૦ ૨૩-૬-૧૧૯૪

ખુ૦ ભીખા (૪૦)

ખુ૦ ધનબાઇ (૪૧)

એ૦ હોરમજ (૪૨)
મ૦ ૧૨-૭-૧૨૭૪
ઉ૦ વ૦ ૭૪
=રતનબાઇ ર૦ એ૦ દા૦ (૧૦૦)
=ભીખાઇજી જ૦ દા૦ રબાડી

ખુ૦ બહેરામ (૪૩)
મ૦ ૨૫-૧૧-૧૨૦૪
ઉ૦ વ૦ ૧

ખુ૦ વહમાન (૪૪)

એ૦ ફરામરોજ (૪૫)
જ૦ ૧૨૪૮
=ગુલબાઇ હો૦ નસ૦ માદન
=માણેકબાઇ એ૦ કરકરયા

એ૦ અરદેશર (૫૦)
જ૦ ૧૨૭૩

એ૦ નેહમીના (૫૧)
જ૦ ૧૨૭૫

એ૦ મહેરબાઇ (૫૨)
મ૦ ૮-૬-૧૨૮૬
ઉ૦ વ૦ ૮॥

ખુ૦ વહમાન (૫૩)
છોકરી
મ૦ ૬-૧૧-૧૨૮૨
ઉ૦ દી૦ ૨૪

એ૦ ફરેદુન (૪૬)
જ૦ ૧૨૫૦
=સુનાબાઇ હો૦ ન૦ માદન

એ૦ શીરીનબાઇ (૫૪)
જ૦ ૧૨૭૩

ખુ૦ હોરમજ (૫૫)
મ૦ ૧૫-૧૨-૧૨૭૬
ઉ૦ વ૦ ૧

એ૦ મીનોચહેર (૫૬)
જ૦ ૧૨૭૭

ખુ૦ જાલ (૫૭)
મ૦ ૧૧-૮-૧૨૮૦
ઉ૦ વ૦ ૧॥

એ૦ બરજોર (૫૮)
જ૦ ૧૨૮૧

સુનાબાઇ (૪૭)
જ૦ ૧૨૫૫
=એ૦ પાલનજી દો૦ દા૦ (૮૧૬)

એ૦ નોશીરવાન (૪૮)
જ૦ ૧૨૫૭
=પીરોજબાઇ દો૦ રૂ૦ દા૦ (૮૧૭)

ખુ૦ હોરમસજી (૫૯)
મ૦ ઉ૦ માસ ૬

પુતલીબાઇ (૬૦)
જ૦ ૧૨૮૫

એ૦ પીરોજબાઇ (૪૯)
જ૦ ૧૨૬૦

# એ૦ બહમન-એદલ-રતન-બહમન-દાદાચાનજી.

એ૦ બહમન (૩૪) (જુવો પાનું ૪)
મ૦ ૮-૨-૧૨૦૫
=નવાજબાઇ એ૦ ૨૦ દા૦ (૧૦૭)
=રતનબાઇ એ૦ ૨૦ દા૦ (૧૧૨)

- એ૦ રૂસતમ (૬૧)
  મ૦ ૨૬-૨-૧૨૧૧
  ઉ૦ ૧૦ ૨૭
  =ધનબાઇ ૨૦ એ૦ દા૦ (૯૬)
  =નવાજબાઇ ૨૦ એ૦ દા૦ (૯૭)
  - એ૦ પાહલન (૬૯)
    જ૦ ૧૨૧૦
    =મહેરબાઇ મા૦ નસ૦ દા૦ (૨૦૪)
    - બચુબાઇ (૭૦)
      જ૦ ૧૨૪૦
      =એ૦ દીનશા દાદાભાઇ મોદી
    - એ૦ જહાંગીર (૭૧)
      જ૦ ૧૨૪૪
      =ડોસીબાઇ પેસતનજી કરકરીઆ
      =નવાજબાઇ રૂ૦ મીનોચેહરહોમજી
      - ખુ૦ ફ્રામરોજ (૭૪)
        મ૦ ૩૦-૬-૧૨૭૧
        ઉ૦ માસ ૭
      - ખુ૦ ધનબાઇ (૭૫)
        મ૦ ૨૪-૭-૧૨૭૭
        ઉ૦ માસ ૬
      - ખુ૦ બહમન છોકરો (૭૬)
        મ૦ ૧-૨-૧૨૮૩
        ઉ૦ માસ ૧
    - એ૦ રૂસતમ (૭૨)
      જ૦ ૧૨૪૬
      =રતનબાઇ સો૦ કરકરીઆ
      =મહેરબાઇ દાદાભાઇ મીનોચહેરહોમજી
      - ખુ૦ વહમાન છોકરો (૭૭)
        મ૦ ૧૫-૯-૧૨૮૬
        ઉ૦ દીવસ ૧
    - ખુ૦ કાવસ (૭૩)
      મ૦ ૫-૨-૧૨૪૯
      ઉ૦ ૧૦ ૧
- એ૦ બરજોર (૬૨)
  મ૦ ૧૩-૪-૧૨૨૦
  ઉ૦ ૧૦ ૩૪
  =નવાજબાઇ ફ્રામજી દા૦ (૩૮)
  - એ૦ વીલરબાઇ (૭૮)
    મ૦ ૨૬-૧૨-૧૨૨૩
    ઉ૦ ૧૦ ૬
- એ૦ એદલ (૬૩)
  (ભાઇ એ૦ બરજોર (૬૨) ના પાલક)
  મ૦ ૩૦-૧૧-૧૨૬૩
  ઉ૦ ૧૦ ૭૪
  =નવાજબાઇ એ૦ મં૦ દ.૦ (૨૭૧)
  (જુવો પાનું ૭)
- ખુ૦ વહમાન (૬૪)
- હીરાંબાઇ (૬૫)
  મ૦ ૨૬-૭-૧૨૬૫
  ઉ૦ ૧૦ ૭૨
  =એ૦ શાપુરજી ૨૦ દા૦ (૯૮)
  =એ૦ માણેકજી નસ૦ દા૦ (૨૦૧)
  - ખુ૦ આદર (૭૯)
    મ૦ ૬-૭-૧૨૩૮
    ઉ૦ ૧૦ ૪
  - એ૦ રતનબાઇ (૮૦)
    ઉ૦ ૧૦ ૯
    મ૦ ૧૯-૧૧-૧૨૩૩
    =એ૦ સોરાબજી માણેકજી દા૦ (૨૦૭)
- એ૦ કાવસ (૬૬)
  (ભાઇ એ૦ એદલ (૬૩) નો પાલક)
  મ૦ ૧૬-૪-૧૨૪૩
  ઉ૦ ૧૦ ૪૮
  =આંવાબાઇ દો૦ કે૦ દા૦ (૧૨૯)
- માણેકબાઇ (૬૭)
  મ૦ ૨૪-૪-૧૨૭૬
  ઉ૦ ૧૦ ૭૬
  =એ૦ હોરમજી એ૦ દા૦ (૨૭૦)
- વીલરબાઇ (૬૮)
  મ૦ ૧૬-૬-૧૨૮૦
  ઉ૦ ૧૦ ૮૨
  =એ૦ સોરાબજી કેર૦ દા૦ (૧૨૧)

# એ૦ એદલ-બહમન-એદલ-રતન બહમન-દાદાચાનજી.



**એ૦ એદલ (૬૩)** [જુવો પાનું ૬]
(ભાઇ એ૦ બરજોરના પાલક)
મ૦ ૩૦-૧૧-૧૨૬૩
=નવાજબાઇ એ૦ મ૦ દા૦ (૨૭૧)

- **ખુ૦ બીખીબાઇ (૮૧)** — મ૦ ૨૧-૭-૧૨૧૭, ઉ૦ વ૦ ૧॥
- **એ૦ પેશોતન (૮૨)** — મ૦ ૨-૧૧-૧૨૧૩, ઉ૦ વ૦ ૭, =રતનબાઇ મા૦ નસ૦ દા૦ (૨૦૭).
- **એ૦ કૈકોબાદ (૮૩)** — (કાકા કાવસજી (૬૭) ના પાલક), જ૦ ૧૨૨૨, =પીરબાઇજી કાવસજી ભંડારી
  - **ખુ૦ સોહરાબ (૮૫)** — મ૦ ૩૦-૭-૧૨૪૬, ઉ૦ વ૦ ૧॥
  - **ખુ૦ જહાંગીર (૮૬)** — મ૦ ૩-૧-૧૨૫૨, ઉ૦ વ૦ ૧॥
  - **ખુ૦ નોશીરવાન (૮૭)** — મ૦ ૩૦-૧૨-૧૨૫૪, ઉ૦ વ૦ ૧
  - **ખુ૦ જમશેદ (૮૮)** — મ૦ ૧૩-૧૦-૧૨૫૮, ઉ૦ વ૦ ૪
- **એ૦ પીરોજશાહ (૮૪)** — (એ૦ દારાબજી ર૦ દા૦ (૧૦૦) ના પાલક), જ૦ ૧૨૨૬, =ગુલબાઇ નસરવાનજી રબાડી
  - **ખુ૦ વહમાન (૮૯)** — છોકરો, મ૦ ૧૫-૩-૧૨૫૦, ઉ૦ દીવસ ૧૧
  - **આંવાબાઇ (૯૦)** — જ૦ ૧૨૫૨, =એ૦ નવરોજી કાવસજી આંટીઆ
  - **ખુ૦ બહમન (૯૧)** — મ૦ ૧૨-૪-૧૨૫૭, ઉ૦ વ૦ ૨॥
  - **ખુ૦ વહમાન (૯૨)** — છોકરી, મ૦ ૮-૮-૧૨૬૦, ઉ૦ દીવસ ૨
  - **ખુ૦ વહમાન (૯૩)** — છોકરો, મ૦ ૬-૧૧-૧૨૬૨, ઉ૦ દીવસ ૧૨
  - **એ૦ હીરાંબાઇ (૯૪)** — જ૦ ૧૨૬૭
  - **એ૦ સોહરાબ (૯૫)** — જ૦ ૧૨૬૯

# એ૦ રતન-એદલ-રતન-બહમન દાદાચાનજી.



એ૦ રતન (૩૫) [જુવો પાનું ૪]
મ૦ ૨-૧૨-૧૨૪૭
ઉ૦ વ૦ ૮૫
=હમાએ બરજોરજી.
શા૦ દા૦ (૬૨૦)

- ધનબાઇ (૯૬)
  મ૦ ૩-૨-૧૧૯૫
  ઉ૦ વ૦ ૯
  =એ૦ રૂસતમ
  બમનજી દા૦ (૬૧)
- નવાજબાઇ (૯૭)
  મ૦ ૨૩-૮-૧૨૭૪
  ઉ૦ વ૦ ૮૪
  =એ૦ રૂસતમ
  બમનજી દા૦ (૬૧)
  =એ૦ દાદાભાઇ
  એદલજી કરકરયા.
- એ૦ શાપુર (૯૮)
  મ૦ ૫-૩-૧૧૯૬
  ઉ૦ વ૦ ૭
  =હીરાંબાઇ બમનજી
  દા૦ (૬૫)
- ખુ૦ રતનબાઇ (૯૯)
- રતનબાઇ (૧૦૦)
  મ૦ ૧૦-૪-૧૨૬૧
  ઉ૦ વ૦ ૬૦
  =એ૦ હોરમજી ફરામજી
  દા૦ (૪૨)
- એ૦ દારાબ (૧૦૧)
  મ૦ ૨-૯-૧૨૩૦
  ઉ૦ વ૦ ૨૮
  =જીવનબાઇ પે૦
  (રૂ૦ દા૦ ૫૬૧)
  - ખુ૦ મહેરબાઇ (૧૦૪)
    મ૦ ૨૯-૩-૧૨૨૭
    ઉ૦ વ૦ ૨
  - ખુ૦ વહમાન (૧૦૫)
    છોકરી
    મ૦ ૨૫-૩-૧૨૨૭
    ઉ૦ દીવસ ૧૩
- ખુ૦ મીનોચહેર (૧૦૨)
  મ૦ ૨૬-૧૦-+
- ખુ૦ દીનબાઇ (૧૦૩)
  મ૦ ૩-૬-+

# એ૦ બેહરામ—રતન—બહમન—દાદાચાનજી

એ૦ બહેરામ (૩૦) [જુવો પાનું ૪]
મ૦ ૯-૮-૧૨૦૩
ઉ૦ વ૦ ૮૦
=હીરાંબાઇ

- કેરસાસપ (૧૦૬)
  મ૦ ૧૧-૮-૧૨૪૮
  ઉ૦ વ૦ ૧૦૨
  =કુંવરબાઇ નવરોજી
  વલસાડા
  - એ૦ દારાબ (૧૧૪)
    મ૦ ૨૬-૫-૧૨૬૫
    ઉ૦ વ૦ ૮૫
    =માણેકબાઇ માણેકજી
    ફ૦ કરકરયા
    (જુવો પાનું ૧૦)
  - એ૦ નવરોજ (૧૧૫)
    મ૦ ૧-૩-૧૨૩૬
    ઉ૦ વ૦ ૫૦
    =જીવનબાઇ ખ૦
    બી૦ કરકરયા
    - દીનબાઇ (૧૨૫)
      મ૦ ૧૫-૪-૧૨૬૮
      ઉ૦ વ૦ ૫૫
      =એ૦ કાવસજી
      દો૦ દા૦ (૧૩૧)
  - એ૦ હોરમજ (૧૧૬)
    મ૦ ૨૨-૬-૧૨૭૬
    ઉ૦ વ૦ ૮૭
    =નવાજબાઇ
    પે૦ ૨૦ દા૦ (૫૫૮)
    (જુવો પાનું ૧૧)
  - હીરાંબાઇ (૧૧૭)
    મ૦ ૨૭-૧૧-૧૨૬૯
    ઉ૦ વ૦ ૮૦
    =એ૦ નવરોજી
    માણેકજી કરકરયા
  - એ૦ શાપુર (૧૧૮)
    (ભાઇ સોરાબનો
    (૧૨૧)નો પાલક)
    મ૦ ૧૭-૩-૧૨૬૦
    ઉ૦ વ૦ ૬૫
    =હમાબાઇ પે૦
    ૨૦ દા૦ (૫૬૦)
    (જુવો પાનુ ૧૨)
  - ધનાબાઇ (૧૧૯)
    મ૦ ૧૮-૨-૧૨૬૦
    ઉ૦ વ૦ ૬૩
    =એ૦ એદલજી
    પે૦ દા૦ (૫૫૯)
  - એ૦ મીનોચેહર (૧૨૦)
    (ભાઇ નવરોજ
    (૧૧૫)નો પાલક)
    મ૦ ૨૯-૬-૧૨૫૧
    ઉ૦ વ૦ ૪૯
    =માણેકબાઇ બર૦
    ન૦ દા૦ (૪૬૮)
    (જુવો પાનું ૧૩)
  - એ૦ સોરાબ (૧૨૧)
    મ૦ ૩-૭-૧૨૫૦
    ઉ૦ વ૦ ૪૧
    =શીરબાઇ
    બમ૦ એ૦ દા૦
    (૬૮)
    - ધનબાઇ (૧૨૬)
      મ૦ ૩૦-૬-૧૨૫૦
      ઉ૦ વ૦ ૨૬
      =એ૦ સોરાબજી
      એ૦ દા૦ (૫૬૪)
    - ખુ૦ વહમાન (૧૨૭)
      છોકરો
      મ૦ ૨-૧૨-૧૨૨૫
      ઉ૦ દીવસ ૧
  - ખુ૦ પાલન (૧૨૨)
    મ૦ ૨૦-૨-+
  - ખુ૦ હમાએ (૧૨૩)
    મ૦ ૨૪-૬-+
  - ખુ૦ વહમાન (૧૨૪)
- નવાજબાઇ (૧૦૭)
  મ૦ ૬-૨-+
  એ૦ બમનજી એ૦
  ૨૦ દા૦ (૩૪)
- ખુ૦ જીજીબાઇ (૧૦૮)
  મ૦ ૩-૧૨-+
- ખુ૦ મોતીબાઇ (૧૦૯)
  મ૦ ૨૦-૫-+
- ખુ૦ વહમાન (૧૧૦,
- એ૦ નોશીરવાન (૧૧૧)
  મ૦ ૧૨-૫-૧૨૪૦
  ઉ૦ વ૦ ૭૫
  =રતનબાઇ નવરોજી
  વલસાડા
  (જુવો પાનું ૧૪)
- રતનબાઇ (૧૧૨)
  મ૦ ૮-૩-૧૨૪૯
  ઉ૦ વ૦ ૮૦
  =એ૦ હુજીઆરજી
  નવરોજી વલસાડા
  =એ૦ બમનજી
  એ૦ ૨૦ દા૦ (૩૪)
- આસીબાઇ (૧૧૩)
  મ૦ ૨૪-૧૦-૧૨૩૭
  ઉ૦ વ૦ ૬૫
  =એ૦ અશપંદીયાર
  નવરોજી વલસાડા
  =એ૦ ખરશેદજી
  બીખાજી કરકરયા

# એ૦ દારાબ-કેરશાસ્પ-બહેરામ-રતન-બહમન-દાદાચાનજી.



એ૦ દારાબ (૧૧૪) ( જુવો પાનું ૯)
મ૦ ૨૬-૫-૧૨૬૫
ઉ૦ વ૦ ૮૫
=માણેકબાઈ માણેકજી
ફ૦ કરકરયા

---

એ૦ નોશીરવાન (૧૨૮)
મ૦ ૧૯-૯-૧૨૧૧
ઉ૦ વ૦ ૯

આંવાબાઇ (૧૨૯)
મ૦ ૩૦-૯-૧૨૩૫
ઉ૦ વ૦ ૩૦
=એ૦ કાવસજી
બમ૦ દા૦ (૬૬)

દીનબાઇ (૧૩૦)
મ૦ ૧૦-૭-૧૨૮૩
ઉ૦ વ૦ ૭૧
=એ૦ કાવસજી
હો૦ દા૦ (૧૪૬)

એ૦ કાવસ (૧૩૧)
મ૦ ૫-૭-૧૨૭૬
ઉ૦ વ૦ ૬૧
=દીનબાઇ નવરોજી
દા૦ (૧૨૫)

એ૦ પેશોતન (૧૩૨)
મ૦ ૭-૮-૧૨૮૬
ઉ૦ વ૦ ૬૮
=કુંવરબાઇ શા૦
દા૦ (૧૮૧)
=ધનબાઇ ખ૦
ન૦ દા૦ (૪૮૩)

ખુ૦ નવાજબાઇ (૧૩૩)
મ૦ ૬-૯-+

ખુ૦ ભીખીબાઇ (૧૩૪)
મ૦ ૧-૬-૧૨૨૬
ઉ૦ વ૦ ૨

ખુ૦ વહમાન (૧૩૫)

---

(એ૦ કાવસ (૧૩૧) નાં સંતાન)

ખુ૦ રૂસતમ (૧૩૬)
મ૦ ૨૭-૧૧-૧૨૩૫
ઉ૦ દીવસ ૮

આંવાબાઇ (૧૩૭)
જ૦ ૧૨૩૭
=એ૦ મહેરવાનજી
કા૦ હો૦ દા૦ (૧૪૯)

એ૦ બેજન (૧૩૮)
મ૦ ૨૯-૧૦-૧૨૭૬
ઉ૦ વ૦ ૨૩
=જરબાઇ હો૦ સીરવાઇ

એ૦ દારાબ (૧૪૫)
જ૦ ૧૨૭૩

---

(એ૦ પેશોતન (૧૩૨) નાં સંતાન)

ગુલબાઇ (૧૩૯)
મ૦ ૫-૧૨-૧૨૮૬
ઉ૦ વ૦ ૩૪
એ૦ હોરમજી માણેકજી
દા૦ (૫૩૭)

એ૦ દીનશા (૧૪૦)
જ૦ ૧૨૪૯

એ૦ પીરોજશાહ (૧૪૧)
જ૦ ૧૨૫૧

એ૦ જમશેદ (૧૪૨)
જ૦ ૧૨૫૪
=પીરોજા ફ૦
તારાપોરવાલા

એ૦ નોશીરવાન (૧૪૩)
(પા૦ એ૦ બેહેરામજી સો૦
ખ૦ દા૦ (૪૮૬) નો)
જ૦ ૧૨૫૬
=મેહેરબાઇ પીરોજી દસતુર

ખોરશેદ (૧૪૪)
જ૦ ૧૨૮૪

# એ૦ હોરમજ-કેરશાસ્પ-બહેરામ-રતન-બહમન-દાદાચાનજી.



- એ૦ હોરમજ (૧૧૬) [જુવો પાનું ૯]
  મ૦ ૨૨-૬-૧૨૭૬
  ઉ૦વ૦ ૮૭
  =નવાજબાઇ પે૦ દા૦ (૫૫૮)
  - એ૦ કાવસ (૧૪૬)
    મ૦ ૨-૮-૧૨૮૨
    ઉ૦વ૦ ૭૩
    =દીનબાઇ દો૦ દા૦ (૧૩૦)
    - એ૦ મહેરવાન (૧૪૯)
      જ૦ ૧૨૩૨
      =આંવાબાઇ કા૦
      દો૦ દા૦ (૧૩૭)
      - (૧૫૭) ખુ૦ વહમાન
        છોકરી
        મ૦ ૧૧-૯-૧૨૬૦
        તરતની
      - (૧૫૮) શીરીન
        જ૦ ૧૨૬૫
      - (૧૫૯) એ૦ જહાંગીર
        જ૦ ૧૨૭૦
      - (૧૬૦) મેહરાં
        જ૦ ૧૨૭૩
    - ખુ૦ કુંવર (૧૫૦)
      મ૦ ૧૪-૮-૧૨૩૮
      ઉ૦ વ૦ ૧॥
    - પીરોજબાઇ (૧૫૧)
      જ૦ ૧૨૪૧
      =એ૦ કેરસાસ્પ
      શા૦ દા૦ (૧૮૪)
    - એ૦ દીનશા (૧૫૨)
      જ૦ ૧૨૪૫
      =શીરીનબાઇ
      પા૦ દા૦ (૧૭૩)
      - (૧૬૧) એ૦ દોરાબ
        મ૦ ૨-૪-૧૨૭૪
        ઉ૦ વ૦ ૭
      - (૧૬૨) ખુ૦ નવાજ
        મ૦ ૨૦-૪-૧૨૭૨
        ઉ૦ માસ ૫)
      - (૧૬૩) પીરોઝ
        જ૦ ૧૨૭૫
      - (૧૬૪) ફ્રેની
        જ૦ ૧૨૭૭
    - એ૦ રૂસતમ (૧૫૩)
      મ૦ ૨૮-૬-૧૨૮૬
      ઉ૦ વ૦ ૩૮
      =જરબાઇ દોસા૦
      કાંગા
      - તેહમીના (૧૬૫)
        જ૦ ૧૨૭૧
      - ગુલબાઇ (૧૬૬)
        જ૦ ૧૨૭૩
      - ખોરશેદ (૧૬૭)
        જ૦ ૧૨૭૬
      - ખુ૦ હોરમજ (૧૬૮)
        મ૦ ૧૧-૨-૧૨૮૦
        ઉ૦ વ૦ ૨
      - કૈકોબાદ (૧૬૯)
        જ૦ ૧૨૮૧
      - આઇમાએ (૧૭૦)
        જ૦ ૧૨૮૧
      - દીનબાઇ (૧૭૧)
        જ૦ ૧૨૮૪
      - ખુ૦ વહમાન (૧૭૨)
        મ૦ ૮-૫-૧૨૮૬
        તરતની
    - માણેકબાઇ (૧૫૪)
      જ૦ ૧૨૫૦
      =એ૦ જમશેદજી
      રૂ. કરકરયા
    - ખુ૦ વહમાન (૧૫૫)
      છોકરો
      મ૦ ૧૨-૧૧-૧૨૫૨
      તરતનો
    - આઇમાએ (૧૫૬)
      મ૦ ૧૨-૫-૧૨૭૯
      ઉ૦વ૦ ૨૧)
      =એ૦ સોરાબજી
      નવરોજી કાંગા
  - ખુ૦ ડોસાભાઇ (૧૪૭)
    મ૦ ૧૨૧૨
    ઉ૦ દીવસ ૧૮
  - એ૦ પાલન (૧૪૮)
    જ૦ ૧૨૨૫
    =બીખાઇજી મ૦ દા૦(૧૯૧)
    - સીરીનબાઇ (૧૭૩)
      જ૦ ૧૨૪૭
      =એ૦ દીનશા કા૦
      દો૦ દા૦ (૧૫૨)
    - એ૦ મીનોચેહર (૧૭૪)
      જ૦ ૧૨૫૩
      =સીરીન કેર૦
      દા૦ (૧૮૩)
      - મનોચેહ (૧૮૦)
        જ૦ ૧૨૮૩
    - મેહરબાઇ (૧૭૫)
      જ૦ ૧૨૫૭
      =એ૦ અરદેશર
      દો૦ રબાડી
    - એ૦ સોરાબ (૧૭૬)
      જ૦ ૧૨૫૯
    - પીરોજબાઇ (૧૭૭)
      જ૦ ૧૨૬૦
    - એ૦ જમશેદ (૧૭૮)
      જ૦ ૧૨૬૩
    - જરબાઇ (૧૭૯)
      જ૦ ૧૨૬૬

# એ૦ શાપુર-કેરસાસ્પ-બહેરામ-રતન-બહમન-દાદાચાંનજી.

[ના૦ ૧૮૧ થી ૧૯૦]

એ૦ શાપુર (૧૧૮) [જુવો પાનું ૯]
(ભાઇ એ૦ સોહરાબનો પાલક) (૧૨૧)
મ૦ ૧૭-૩-૧૨૬૦
ઉ૦ વ૦ ૬૫
=હમાબાઇ પે૦ ૩૦
દા૦ (૫૬૦)

| | | | |
|---|---|---|---|
| કુંવરબાઇ (૧૮૧)<br>મ૦ ૨૩-૩-૧૨૨૭ યઝ<br>ઉ૦ વ૦ ૯<br>=એ૦ પેસોતન<br>દો૦ દા૦ (૧૩૨) | ખુ૦ દોરાબ (૧૮૨)<br>મ૦ ૩૦-૧૧-૧૨૨૨<br>ઉ૦ વ૦ ૨॥ | બચુબાઇ (૧૮૩)<br>જ૦ ૧૨૩૮<br>=એ૦ સોરાબજી<br>એ૦ દા૦ (૫૬૪)<br>=એ૦ રૂસ્તમજી દો૦<br>મીનોચહેરહોમજી | એ૦ કેરસાસ્પ (૧૮૪)<br>જ૦ ૧૨૪૧<br>=પીરોજબાઇ<br>કા૦ દા૦ (૧૫૧) |

એ૦ કેરસાસ્પ (૧૮૪) ના સંતાન:

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગુલબાઇ (૧૮૫)<br>જ૦ ૧૨૬૦ | એ૦ નાજાં (૧૮૬)<br>મ૦ ૧૪-૬-૧૨૭૦<br>ઉ૦ વ૦ ૫ | શાપુર (૧૮૭)<br>જ૦ ૧૨૬૬ | ધનમાય (૧૮૮)<br>જ૦ ૧૨૭૭ | જરબાઇ (૧૮૯)<br>જ૦ ૧૨૮૦ | રૂસતમ (૧૯૦)<br>જ૦ ૧૨૮૨ |

# એ૦ મીનોચહેર-કેરસાસ્પ-બહેરામ-રતન-બહમન-દાદાચાંનજી.



(નાં૦ ૧૯૧ થી ૨૦૦)

એ૦ મીનોચહેર (૧૨૦)
(બાપ નવરોજ (૧૧૫) ના પાલક) [જુવો પાનું ૯]
મ૦ ૨૯-૬-૧૨૫૧
ઉ૦ વ૦ ૪૯
=માણેકબાઇ બર૦ દા૦ (૪૬૮)

- ભીખીબાઇ (૧૯૧)
  જ૦ ૧૨૨૫
  =એ૦ પાલનજી હો૦ દા૦ (૧૪૮)
- નવાજબાઇ (૧૯૨)
  જ૦ ૧૨૨૮.
  =એ૦ સોરાબજી હોરમજી મીનોચહેરહોમજી
- ખુ૦ વહમાન છોકરી (૧૯૩)
  મ૦ ૨૭-૨-૧૨૩૮
  તરતની
- એ૦ ફરામરોજ (૧૯૪)
  મ૦ ૪-૯-૧૨૮૩
  ઉ૦ વ૦ ૪૫
  =આવાંબાઇ પી૦ માદન
  - એ૦ સુનાબાઇ (૧૯૫)
    મ૦ ૫-૧૦-૧૨૬૭
    ઉ૦ વ૦ ૭
  - જરબાઇ (૧૯૬)
    જ૦ ૧૨૬૫
  - એ૦ મીનોચહેર (૧૯૭)
    જ૦ ૧૨૭૪
  - હોરમજી (૧૯૮)
    જ૦ ૧૨૭૭
  - ખુ૦ રૂસતમ (૧૯૯)
    મ૦ ૨૪-૧૧-૧૨૮૦
    ઉ૦ વ૦ ૨
  - મહેરબાઇ (૨૦૦)
    જ૦ ૧૨૮૧

# એ૦ નોશીરવાન-બહેરામ-રતન-બહમન-દાદાચાનજી

એ૦ નોશીરવાન (૧૬૧) [જુવો પાનું ૯]
મ૦ ૧૨-૫-૧૨૪૦
ઉ૦ વ૦ ૭૫
=રતનબાઇ નવરોજી વલસાડા

- એ૦ માણેક (૨૦૧)
  (પા૦ ભાઇ એ૦ રૂસતમનો)
  મ૦ ૨૨-૯-૧૨૫૬
  =ધનબાઇ અસપંદીયાર ન૦ વલસાડા
  =હીરાંબાઇ બ૦ એ૦ દા૦ (૬૫)
  - મહેરબાઇ (૨૦૪)
    મ૦ ૨૫-૧૧-૧૨૮૫
    ઉ૦ વ૦ ૭૨
    =એ૦ પાલનજી રૂ૦ દા૦ (૬૯)
  - એ૦ હોરમજ (૨૦૫)
    મ૦ ૧૩-૨-૧૨૭૪
    ઉ૦ વ૦ ૫૯
    =જરબાઇ શાપુરજી બાટલા
    - ખુ૦ સુનાબાઇ (૨૧૧)
      મ૦ ૨૭-૧૦-+
      ઉ૦ વ૦ ૨
  - રતનબાઇ (૨૦૬)
    જ૦ ૧૨૧૯
    =એ૦ ફરામજી હો૦ ઉનવાલા
  - એ૦ સોરાબ (૨૦૭)
    (એ૦ પેશોતમ એ૦ દા૦ (૮૨) ના પાલક)
    મ૦ ૩-૩-૧૨૭૮
    ઉ૦ વ૦ ૫૪
    =રતનબાઇ કા૦ બ૦ દા૦ (૮૦)
    =રતનબાઇ પે૦ સુરતી
    - માણેકબાઇ (૨૧૨)
      જ૦ ૧૨૪૭
      =એ૦ નવરોજી ધ૦ રાંદેરીઆ
    - એ૦ નોશીરવાન (૨૧૩)
      મ૦ ૪-૯-૧૨૬૮
      ઉ૦ વ૦ ૨૮
    - જરબાઇ (૨૧૪)
      જ૦ ૧૨૫૩
      =એ૦ સોરાબ મહે૦ મોતીશા
    - ખુ૦ વહમાન છોકરો (૨૧૫)
      મ૦ ૮-૩-૧૨૫૪
      તરતનો
    - ખુ૦ વહમાન છોકરો (૨૧૬)
      મ૦ ૨૨-૩-૧૨૫૪
      ઉ૦ દી૦ ૧૪
    - એ૦ માણેકશા (૨૧૭)
      (પાલક કાકા એ૦ હોરમજના)
      જ૦ ૧૨૫૮
      =ગુલબાઇ પે૦ બાટલા
      - ખુ૦ વહમાન છોકરો (૨૨૦)
        મ૦ ૧૫-૫-૧૨૭૯
        તરતનો
      - હોરમજ (૨૨૧)
        જ૦ ૧૨૮૦
      - ખુ૦ બહેરામ (૨૨૨)
        મ૦ ૪-૬-૧૨૮૩
        ઉ૦ માસ ૮
      - જરબાઇ (૨૨૩)
        જ૦ ૧૨૮૫
      - બાનુબાઇ (૨૨૪)
        જ૦ ૧૨૮૭
    - આબમાએ (૨૧૮)
      જ૦ ૧૨૬૦
    - બાનુબાઇ (૨૧૯)
      મ૦ ૧૨-૧૧-૧૨૭૯
